ગાંધીનગર સમાચાર

ડાયરેક્ટ ❤ સે

ચાલાકી
જીવનમાં
ગમે તેટલી કરી લો
પણ પરિણામ
તમારી
દાનત પ્રમાણે જ
મળે છે

જન્મદિને વધામણી

અમીતાબેન
કિરીટભાઈ પરેરા
મો. ૯૮૯૮૧ ૮૬૬૦૯

જય દિલીપભાઈ પ્રજાપતિ
મો. ૯૩૭૭૫ ૩૭૭૭૦

વંશ દેવેન્દ્રભાઈ પરમાર
મો. ૯૯૭૪૬ ૮૯૩૨૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

નિરમા યુનિવર્સિટી ખાતે 'બુકલેટ ગાય'નું પબ્લિક લેક્ચર

ગાંધીનગર, તા. ૨૧

નિરમા યુનિવર્સિટી ખાતે અમૃત દેશમુખના પબ્લિક લેકચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમૃત દેશમુખ છેલ્લા ઘણાં વર્ષોથી make India Read નામનું mission ચલાવી રહ્યા છે. ડો. અનુપસિંઘ, ડાયરેક્ટર જનરલ, નિરમા યુનિવર્સિટી દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં વાચનની વિવિધતા અને વિશેષતા અને જીવનમાં વાચનની ઉપયોગીતા પર તેમના વિચારો વ્યક્ત કરાયા હતા.

અમૃત દેશમુખ booklet guy તરીકેની ઓળખાણ ધરાવે છે, તેઓ પુસ્તકોને ઓડિયો રીવ્યુ દ્વારા લોકો સુધી લઈ જાય છે. તેમણે અત્યાર સુધીમાં ૧૩૦૦ થઈ વધુ બુક્સ વાંચી છે અને દર બુધવારે એક બુકનો ઓડિયો રીવ્યુ બહાર પડે છે.

૨૦૧૬માં તેમના દ્વારા Booklet Guyy એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી હતી. તેમણે તેમના પ્રાસંગિક પ્રવચનમાં તેમની CAમાંથી booklet guy બનવા સુધીના અનુભવો વહેંચ્યા હતા. તેમણે પુસ્તક ઝડપથી વાંચવા અંગેની ઉપયોગી ટિપ્સ સ્ટુડન્ટ સાથે શેર કરી હતી. પોતાના આ કાર્યને સોશ્યલ રિટર્ન ઓફ ઈન્વેસ્ટમેન્ટ કહેતાં તેમણે જણાવ્યું હતું કે વાચન અટકેલા માર્ગોના રસ્તા ખોલી આપે છે. કાર્ય કરીને જ હેતુ સિદ્ધ થાય છે જે જીવનને યોગ્ય માર્ગે લઈ જઈ શકે છે.

આજથી અમદાવાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર ગુજરાત માટે ગૌરવરૂપ એવું ૪૫મું જવાહરલાલ નહેરુ રાષ્ટ્રીય વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૮-૧૯ અમદાવાદ ખાતે ૨૨થી ૨૭ નવેમ્બર દરમિયાન સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ અને તેમના દ્વારા ઉદ્ઘાટન સાથે યોજાનાર આ અનેરા અને વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષનાર ભવ્ય પ્રદર્શનમાં દેશનાં ૨૨ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને અન્ય સંસ્થાઓ જેવી કે કેન્દ્રીય વિદ્યાલય સંગઠન, નવોદય વિદ્યાલય, સીબીએસસી અને સેન્ટ્રલ તિબેટીયન એડમિનીસ્ટ્રેટિવ સ્કૂલના વિદ્યાર્થીઓ પોતાનાં સંશોધન આધારિત મૉડેલ રજૂ કરશે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રદર્શનના આયોજન અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે અને તેમનામાં વૈજ્ઞાનિક વલણ કેળવાય તેવા ઉમદા હેતુ સાથે ઍનસીઈઆરટી અને યુજીસીના સંયુક્ત ઉપક્રમે વર્ષ ૧૯૭૧માં બાળકો માટે રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન નામથી નવી દિલ્હી ખાતે પ્રથમ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રકારના ભવ્ય વિજ્ઞાન ગણિત મેળાનાં આયોજનનો અવસર ગુજરાતને ૨૦ વર્ષ બાદ મળી રહ્યો છે. આ અનેરું પ્રદર્શન વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ ક્ષેત્રે રસ ધરાવનાર સૌકોઈ માટે ખુલ્લું રહેશે.

આ રાષ્ટ્રીય વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ઍનસીઈઆરટી, રાજ્યના શિક્ષણ વિભાગ, જીસીઈઆરટી-ગાંધીનગર, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ-અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહ્યું છે.

આ પ્રદર્શનનો હેતુ સ્પષ્ટ કરતાં શિક્ષણમંત્રીએ જણાવ્યું છે કે આ પ્રકારના આયોજનને કારણે વિજ્ઞાન અને ગણિત જેવા વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને તેમની જિજ્ઞાસા સંતોષવા અને રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ મળે તે માટે એક મંચ ઉપલબ્ધ થશે. તેમની જ્ઞાનપિપાસા સંતોષાતાં તેમના માટે ભવિષ્યમાં અવનવી શોધની દિશા ખૂલશે. ગણિત અને વિજ્ઞાન જેવા વિષયની બાળકોમાં વિસ્તૃત સમજણ કેળવાશે. આ પ્રકારની સમજણ દ્વારા માત્ર દેશનો આર્થિક વિકાસ જ નહીં, પરંતુ સમાજની મુખ્ય સમસ્યાઓના ઉકેલ માટે પણ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સજ્જ બનશે. વિદ્યાર્થીઓ સંવેદનશીલ અને જવાબદાર નાગરિક પણ બને તેવો પણ આ પ્રદર્શનનો હેતુ છે.

શિક્ષણ રાજ્યમંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે વિજ્ઞાન મેળાના અભ્યાસના કારણે વિજ્ઞાનના અભ્યાસક્રમનો પણ બાળકોને અનુભવ થશે. ઉપરાંત સંસ્કૃતિ, પર્યાવરણ, સમાજ કે વ્યક્તિ વિકાસમાં વિજ્ઞાન કેટલો મહત્ત્વનો ભાગ ભજવી શકે છે તેનો પણ બાળકોને અંદાજ આવશે. મહત્ત્વની વાત એ છે કે રાષ્ટ્રીય કક્ષાના આ પ્રકારના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ મેળાના આયોજનમાં દેશનાં અનેક રાજ્યોના વિદ્યાર્થીઓ ભાગ લેવાના હોવાથી પરસ્પર સંપર્ક કેળવી દેશનાં રાજ્યોની વિવિધ સંસ્કૃતિઓથી પણ તેઓ પરિચિત થશે. ઉપરાંત, વિજ્ઞાન, ગણિત અને ટૅકનોલૉજીના વિવિધ આયામોને સમજવાનો પણ ભાગ લેતા પ્રત્યેક રાજ્યના વિદ્યાર્થીઓને અમૂલ્ય અવસર સાંપડશે.

આ પ્રદર્શનમાં વિવિધ મૉડેલ ઉપરાંત અલગ અલગ વિષયોને અનુલક્ષીને સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જેમાં પંકજ જોષી, કાર્તિકેય સારાભાઈ, પ્રૉ. અનિલ ગુપ્તા અને બ્રહ્મવિહારી સ્વામી જેવા વિદ્વાન વક્તાઓ મનનીય વક્તવ્યો આપશે.

આ પ્રદર્શનમાં દેશભરના ૬૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહેશે, જેમાં ૪૦૦ ભાઈઓ તથા ૨૦૦ બહેનોનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ દ્વારા ૨૦૦ જેટલાં મૉડેલ રજૂ કરવામાં આવશે, જેમાં ગુજરાતની ૩૧ કૃતિઓનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનમાં બાયસેંગ, સાયન્સ સિટી વગેરેનનાં મૉડેલ પણ મૂકાશે. અન્ય રાજ્યોમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને તેમની ટીમને સ્ટેચ્યુ ઑફ યુનિટી, અક્ષરધામ, સાયન્સ સિટી અને સાબરમતી આશ્રમ જેવાં સ્થળોની પણ મુલાકાત કરાવાશે.

દેશભરના ૬૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહેશે, જેમાં ૪૦૦ ભાઈઓ તથા ૨૦૦ બહેનોનો સમાવેશ થાય છે; આ વિદ્યાર્થીઓ દ્વારા ૨૦૦ જેટલાં મૉડેલ રજૂ કરવામાં આવશે, જેમાં ગુજરાતની ૩૧ કૃતિઓનો સમાવેશ થાય છે



ગાંધીનગરની સેવાસંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

શામળાજી વિસ્તારની શાળાઓમાં સેવાકાર્ય

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારે શામળાજી વિસ્તારની ચાર સ્કૂલ - ડુમીની, જાંબુડી, પંચમહુડી તથા જાભચિતરીયામાં ઉપસ્થિત રહેલાં તમામ બાળકોને નવાં કપડાં તથા નાસ્તાની ભેટ ધરવામાં આવી હતી. સવારે મોડાસા તાલુકાના વાંટડા ગામમાં ૩૮ લાભાર્થીઓને ૨ કિગ્રા ચોખા, ફોતરાવાળી મગ દાળ, ચા, ૧ લીટર તેલ, ચાદર, મમરા વગેરે ૧૦ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં સંસ્થા તરફથી રાહુલ ભૂપતાની, શશીકાંતભાઈ મોઢા, મિલિન્દભાઈ, યોગેશભાઈ અને ભીમજીભાઈ જોડાયા હતા.

શિયાળાનો પ્રારંભ થતાં રાજ્યમાં હજારો યાયાવર પક્ષીઓનું આગમન

ગાંધીનગર, તા.૨૧

શિયાળાનો પ્રારંભ થતા જ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં હજારો યાયાવર પક્ષીઓ આવી પહોંચે છે. પક્ષીઓ માટે સૌથી પ્રિય એવા કચ્છમાં અન્ય વિદેશી પક્ષીઓની સાથે આવેલા ૩૨૦ કિ.મી.ની તેજ ગતિથી ઉડી શકતા 'શાહીન' બાજ પક્ષીપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સામાન્ય રીતે ડિસેમ્બરથી ફેબ્રુઆરીમાં ઠંડા સમયમાં જોવા મળતું પેરેગ્રીન ફાલ્કન નામનું બાજ એક માસ વહેલુ નવેમ્બરમાં આવી ગયું.

કચ્છના રણમાં કુદરતી રીતે રચાતા સરોવર જેવા વિસ્તારમાં આકાર લેતી સુરખાબ નગરી બહુ જાણીતી છે. સુરખાબ સિવાય અનેક વિદેશી પક્ષીઓ શિયાળામાં અહીં આવે છે. આ પૈકીનું એક શાહીન બાજ તાજેતરમાં જ દેખાયું છે. અંગ્રેજીમાં પેરેગ્રીન ફાલ્કન તરીકે ઓળખાતું આ પક્ષી મુળ ઉત્તર અમેરિકાનું વતની છે. ત્યાં ઠંડી વાધી જતા સાઉદી અરબમાં સ્થળાંતર કરે છે. અને ત્યાંથી અહી કચ્છના રણમાં આવે છે. છેક ઉત્તર અમેરિકામાંથી ૧૩,૦૦૦ કિ.મી.થી વાધારે અંતરનો લાંબો પ્રવાસ માત્ર બે-અઢી દિવસમાં જ ખેડીને આવી પહોંચેલા બાજ અહી પ્રજનન માટે આવે છે.

કચ્છના નાના રણમાં પાટડી દેશાળા વિસ્તારમાં આ પક્ષી દેખાયું હતું. સમગ્ર ભારતમાં ક્યારેક હિમાચલ પ્રદેશના ઠંડા વિસ્તારોમાં પણ શાહીન જોવા મળે છે. આ પક્ષીની વિશેષતા તેની ઉડવાની તેજ ગતિ છે. તેની ઉડવાની મહત્તમ ઝડપ ૩૮૯ કિ.મી. એટલે કે ૨૪૨ માઈલ પ્રતિ કલાક સુધીની છે. પેરેગ્રીન ફાલ્કનનો મુળ ખોરાક આમ તો નાના પક્ષીઓ છે. પરંતુ તેની ક્ષમતા મુજબ બકરીના ચાર-પાંચ માસના નાના બચ્ચાને પણ પોતાના પંજાથી ઉપાડીને લઈ જઈ શકે છે. શક્તિશાળી પંજો તેની મુખ્ય તાકાત છે. ૧૨થી ૨૪ વર્ષનું આયુષ્ય ધરાવતું શાહીન નાના ખોરાકને તો પંજામાં પકડીને આકાશમાં ઉડતા-ઉડતા જ ખાઈ જાય છે. અમેરિકાના ઈડાહો રાજ્યમાં તેના ચિત્રવાળો સિક્કો બહાર પાડવામાં આવ્યો છે.

કચ્છના રણમાં હાલ ફ્લેમિંગો, પેલીકલન, સ્પુન બિલ જેવા અનેક પ્રજાતિના હજ્જારો યાયાવર પક્ષીઓને વિસામો કરી રહ્યા છે. જેને કારણે કચ્છનું કુદરતી સૌંદર્ય વધુ ખીલી ઉઠ્યું છે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કરી જાહેરાત

૮૪ કરોડના ખર્ચે રાજ્યમાં બનશે પહેલી ઈમરજન્સી લેન્ડિંગ ઍર સ્ટ્રીપ

રક્ષા મંત્રાલય અને રાજ્ય સરકારના સહયોગથી દ્વારકા અને દત્રાણા-જવાનપર ગામ વચ્ચે રાજ્યની આ પ્રથમ ઈમરજન્સી લેન્ડિંગ ઍર સ્ટ્રીપ નિર્માણ પામશે

ગાંધીનગર, તા. ૨૧

દેશની સુરક્ષાને વધારે મજબૂત કરવા અને પાકિસ્તાનને ઠેકાણે લાવવા સરકારે રાજ્યમાં પહેલું ઈમરજન્સી લેન્ડિંગ એર સ્ટ્રીપ બનાવવાનો નિર્ણય કર્યો છે. દ્વારકા અને દત્રાણા-જવાનપર ગામ વચ્ચે રાજ્યનું પહેલું ઈમરજન્સી લેન્ડીંગ એર સ્ટ્રીપ બનાવવામાં આવશે. રક્ષા મંત્રાલય અને રાજ્ય સરકારનાં સહયોગથી આ ઈમરજન્સી લેન્ડિંગ એર સ્ટ્રીપ નિર્માણ પામશે.

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ આ વાતની જાહેરાત કરી હતી. આ ઈમરજન્સી એર લેન્ડિંગ એર સ્ટ્રીપ ૮૪ કરોડનાં ખર્ચે નિર્માણ પામશે. ઉલ્લેખનીય છે કે આ પ્રોજેક્ટ ફક્ત યુદ્ધ સમયે જ નહીં, પરંતુ ડિઝાસ્ટર સમયે પણ ઉપયોગી સાબિત થશે. દ્વારકા અને દત્રાણા-જવાનપર ગામ વચ્ચે બનનારા આ ઈમરજન્સી લેન્ડિંગ એર સ્ટ્રીપ માટે ૨૯ માર્ગોનો સર્વે કરવામાં આવ્યો હતો, ત્યારબાદ આ માર્ગ પસંદ કરવામાં આવ્યો છે.

ઈમરજન્સી લેન્ડિંગ માટે એર સ્ટ્રિપની વ્યવસ્થા વિકસાવવા ભારત સરકારનાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, રક્ષા મંત્રાલય અને ઈન્ડિયન એરફોર્સનું એક ઈન્ટર મિનિસ્ટ્રિઅલ કો-ઓર્ડિનેશન ગ્રૂપ બનાવવામાં આવેલું છે. જે સ્થળની પસંદગી અને જરૂરીયાત નક્કી કરવા ઈન્ડિયન એરફોર્સ અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા સંયુક્ત ઈન્સ્પેક્શન ગોઠવી સ્થળ નક્કી કરવામાં આવ્યા છે.

ગુજરાતમાં પણ ખંભાળિયા-લીંબડી નેશનલ હાઈવે પર દ્વારકા જીલ્લામાં 'જવાનપર-દત્રાણા ગામ' વચ્ચે ૫ કી.મી. લંબાઈની ઈમરજન્સી લેન્ડીંગ સ્ટ્રીપ બનાવવાનું કામ ચાલુ કરેલું છે. જેનો અંદાજીત ખર્ચ રૂપિયા ૮૩.૬૬ કરોડ છે. આ દેશની બીજી તથા ગુજરાતની પ્રથમ ઈમરજન્સી લેન્ડીંગ એર સ્ટ્રીપ બનશે.

આ 'ઈમરજન્સી લેન્ડીંગ' વ્યવસ્થા વિકસાવવા ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય, રક્ષા મંત્રાલય અને ઈન્ડિયન એયર ફોર્સનું એક ઈન્ટર મીનીસ્ટ્રીઅલ કો-ઓર્ડીનેશન ગ્રુપ બનાવવામાં આવેલું તેમજ સ્થળની પસંદગી અને જરૂરીયાત નક્કી કરવા ઈન્ડિયન એયર ફોર્સ અને નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા સંયુક્ત ઈન્સ્પેકશન ગોઠવી સ્થળ નક્કી કરવામાં આવેલું છે. આ ઈમરજન્સી લેન્ડીંગ સ્ટ્રીપની ડીઝાઈન તથા જરૂરી સુવિધાઓ માટે સ્ટાન્ડર્ડ ડીઝાઈન બનાવવામાં આવેલ છે. આ ડીઝાઈન અનુસાર તેમા ચાર હવાઈયાન પાર્કિંગ સ્લોટ, એક એર ટ્રાફિક કંટ્રોલ ટાવર, એર સ્ટ્રીપનાં બંને છેડે ફાટક બનાવાશે. આ ઉપરાંત એર સ્ટ્રીપની બન્ને સાઈડ પર વીજળીના થાંભલા, મોબાઈલ ટાવર, વૃક્ષો, વિગેરે દૂર કરવામાં આવશે. દેશમાં જે ૧૧ જગ્યા પર નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ઈમરજન્સી લેન્ડીંગ સ્ટ્રીપ બનાવવાની છે. ઉલ્લેખનીય છે કે દેશનાં ૧૩ માર્ગો પર આ પ્રકારની સુવિધાઓ બની શકે છે. ગુજરાતનાં આ પ્રથમ ઈમરજન્સી એર લેન્ડિંગ સ્ટ્રીપની લંબાઈ ૫ કિમી અને પહોળાઈ ૬૦ મીટર હશે.

અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૩૨મો મણકો ॥

પરંતુ 'પતિર્ર પુણ્ય સતિર્ર પુણ્ય' (પતિનું પુણ્ય એ જ સતિનું પુણ્ય) એ બંગાળી ઉક્તિની માફક કસ્તૂરબાએ પતિનો સાથ નિભાવવાનું જ ઠીક માન્યું.

કસ્તૂરબાનો આ ગુણ સમજવા જેવો છે. પહેલાં તેમને વિસ્મય થાય, એના કારણે તેઓ વિરોધ કરે. પછી વાતની સમજણ મેળવે, સમજાઈ જાય પછી એમાં પોતાની જાતને ગોઠવે અને ગોઠવાઈ જાય એ હદે કે પછી એ વાતને ગાંધીજી વતી સમજાવવા પણ તૈયાર થઈ જાય.



અહીં પણ એ જ થયું. તેમણે જાહેર કરી દીધું કે, 'લક્ષ્મી મારી દીકરી.' છૂત-અછૂતનો કોઈ ભેદ જ ન રહ્યો, દલિતને દીકરી જ બનાવી દીધી. કોઈ સમસ્યા જ નહીં.

આ હતો આશ્રમ. આશ્રમ શબ્દ અહીં પ્રથમ વખત પ્રયોજાયો.

આશ્રમ એટલે એક ઉદ્દેશથી ભેગા થયેલા લોકોનું સ્થાન. આમ તો આ કથા મેં ગુજરાતીમાં ને હિન્દીમાં જ કરી છે. કારણ કે મારા હૈયામાંથી સીધી નીકળતી ભાષા ગુજરાતી છે, હિન્દી છે. પણ હું વિદેશમાં ક્યાંક પ્રવચન કરવા ગયો હોઉં ત્યારે આ વાતને મારે સમજાવવી હોય તો હું એમ કહું 'હી ઍ્ધ્ધીર્ઠ (એક હેતુ) તો ખરો જ પણ તે ઉપરાંત, Working together, Suffering together, Enjoying together & Praying together is Ashram Life. (સાથે કામ કરવું, સાથે સહન કરવું, સાથે આનંદ કરવો અને સાથે પ્રાર્થના કરવી એ આશ્રમજીવન.)

વડ્સ્વર્થે કહ્યું છે તેમ, 'bliss for it to be alive in that dawn but to be young very heavens.' (આ એ કાળ હતો જે સમયે જીવતા હોવું તે ભાગ્ય હતું અને શિશુ હોવું તે મહાભાગ્ય હતું.) હું એમ કહું કે હું તે સમયે શિશુ હતો અને તેથી મહાભાગી હતો.

અને તેથી હવેની ઘટનાઓમાં ઘણી એવી પણ આવશે કે જે મેં નજરે જોયેલી હોય. એવી જ એક ઘટના મને યાદ આવે છે.

પંડિત નારાયણ ખરેનો દીકરો અને મારો મિત્ર વસંત એ જમાનામાં શીતળાની બિમારીને કારણે ગૂજરી ગયો હતો. બીજા ત્રણેક છોકરાઓની સાથે એ પણ ગુજરી ગયો હતો. ગાંધીજીએ પુત્રની બિમારીને કારણે પંડિત નારાયણ ખરેને છૂટ આપી હતી કે તેમણે દાંડીકૂચમાં સાથે ન આવવું હોય તો ભલે ન આવે. પણ જવાબ પંડિતજીનાં પત્ની લક્ષ્મીબેને આપ્યો : મારી સાથે આખો આશ્રમ તો છેને ? આશ્રમ એ મારું કુટુંબ છે અને એ મારી સાથે છે તો મને કોઈ ચિંતા નથી.'

કૂચ દરમ્યાન પંડિત ખરે કૂચથી આગળ રહેતા ને ગામની અગત્યની માહિતી મેળવી લેતા. ગામમાં કેટલી વસતી છે, કેટલા પુરુષો છે, કેટલી સ્ત્રીઓ છે, વ્યવસાય શું છે, કેટલાં પશુઓ છે વગેરે. આ માહિતીને આધારે પછી ગાંધીજીના તે ગામોમાં પ્રવચનો થતાં. આમ તો પંડિતજીનું મુખ્ય કામ પ્રાર્થના કરાવવા માટેનું જ નિયત થયું હતું, પણ તેઓ આ વધારાનું કામ પણ કરતા.

એક સાંજે પ્રાર્થના શરૂ થવાના સમયે તેમને સાથીએ સમાચાર આપ્યા કે 'આશ્રમમાં તેમના પુત્રએ અંતિમ શ્વાસ લઈ લીધો છે.' સ્હેજમાત્ર પણ વિચલિત થયા વિના પંડિત ખરેએ જવાબ આપ્યો હતો : 'અત્યારે હું પ્રાર્થના કરી રહ્યો છું. આ પ્રાર્થના પુરી કરાવીને પછી આવુ છું.' અને એ પ્રાર્થના પુરી કરાવીને આશ્રમમાં પહોંચે એ પહેલાં તો આખો આશ્રમ તેમના દીકરાના મૃતદેહ પાસે એકત્ર થઈ ગયો હતો, આખો આશ્રમ તેમના દુખે દુખી હતો. સહિયારું દુખ તે આ.

આશ્રમ એ સમયે પ્રયોગશાળા કે તાલીમશાળાથી કમ ન હતો. સફાઈ, કાંતણ અને પ્રાર્થના એ કાર્યો તેના નિત્યક્રમમાં સામેલ હતાં. સવારે ૪૫ મિનિટ સફાઈ, બપોરે સૂતરયજ્ઞ (કાંતણ) અને સાંજે સામુહિક પ્રાર્થના.

સફાઈ એ સામાજિક ક્રાંતિનું પ્રતીક હતી, સૂતરયજ્ઞ એ આર્થિક ક્રાંતિનું પ્રતીક હતો અને પ્રાર્થના એ આધ્યાત્મિક ક્રાંતિના પ્રતીકરૂપે કરવામાં આવતી હતી.

ગૂજરાત વિદ્યાપીઠ જેવી શિક્ષણ સંસ્થાનાં મૂળ અહીંથી નંખાયાં એમ કહી શકાય.

૧૯ કે ૨૦ વર્ષની વયે વિનોબા ત્યાં આવ્યા. તેમણે જણાવ્યું છે કે, ઈતિહાસના કોઈ ગ્રંથમાં 'અપરિગ્રહ' નામનો શબ્દ નથી કે દુનિયાના કોઈ ધાર્મિક ગ્રંથમાં 'સ્વરાજ' નામનો શબ્દ નથી. પણ ગાંધીજીના પ્રતાપે એ શબ્દોનો અર્થ આજે કોઈનાથી અજાણ પણ નથી. હિમાલયની તળેટીમાં જે શાંતિ છે અને બંગાળમાં જે ક્રાંતિ છે એ બંને મને સાબરમતી આશ્રમમાં ભેગા દેખાય છે અને તેથી હિમાલય કે બંગાળ જવાને બદલે હું આ આશ્રમમાં રહેવા આવ્યો છું.'

દુનિયામાં કેટલાક લોકો Active Few ગણાય છે. આ એવા Active Few લોકો. દુનિયાભરના Active Few લોકોના મુખ્ય બે પ્રકાર છે : મુમુક્ષુઓ અને દેશભક્તો. (ક્રમશઃ)

સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ